# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-9-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઇ પહોંચ્યાઃ આવતી કાલે સિંગાપોરની મુલાકાતે જશે
- ✓ સરકારે દેશને સંરક્ષણ ક્ષેત્રે વધુ મજબૂત બનાવવા માટે એક લાખ 45 હજાર કરોડ રૂપિયાનાં સંરક્ષણ સાધનોની ખરીદી માટે સૈધ્ધાંતિક મંજૂરી આપી
- ✓ વિશ્વ બેન્કે નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતની વૃધ્ધિનો અંદાજ અગાઉનાં 6.6 ટકાથી વધારીને સાત ટકા કર્યો
- ✓ વિવિધ ક્ષેત્રોનાં વંચિત શ્રમિકોને પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભો પૂરા પાડવા શ્રમ મંત્રાલયની રાજ્યોને સૂચના
- ✓ છત્તીસગઢમાં સલામતી દળો સાથેની અથડામણમાં નવ માઓવાદીનાં મૃત્યુ
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સમાં આજે ભારતીય ટીમ નિશાનેબાજી, તીરંદાજી અને એથ્લેટિક્સ સહિતની વિવિધ સ્પર્ધામાં ભાગ લેશે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM Modi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઇ અને સિંગાપોરનાં પ્રવાસનાં પ્રથમ તબક્કામાં આજે બાન્દર સેરી બેગવાન પહોંચ્યા હતા. બ્રુનેઇના ક્રાઉન પ્રિન્સ હાજી

અલ-મુહતાડેએ શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રુનેઇ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે શ્રી મોદીને પ્રાસંગિક આવકાર આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રીએ બાન્દર સેરી બેગવાન ખાતે ભારતીય દૂતાવાસની નવી ચાન્સરીનું ઉદઘાટન કર્યું હતું.

આ ઉપરાંત, હોટલ ખાતે પ્રવાસી ભારતીયોએ શ્રી મોદીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. શ્રી મોદીએ સુલતાન ઉમર અલી સૈફુદ્દીન મસ્જિદની મુલાકાત લીધી હતી. ભારતના કોઈ પ્રધાનમંત્રી દ્વારા બ્રુનેઇની આ પ્રથમ મુલાકાત છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 40 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આ મુલાકાત યોજાઈ રહી છે.

અગાઉ બ્રુનેઇ જવા રવાના થતા પહેલાં શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બ્રુનેઇ અને સિંગાપુરની તેમની મુલાકાત બંને દેશો સાથેની ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

વિદેશ પ્રવાસના બીજા તબક્કામાં પ્રધાનમંત્રી આવતી કાલે સિંગાપોરનાં પ્રવાસે જશે. તેઓ રાષ્ટ્રપ્રમુખ થર્મન શણ્મુગારત્નમ, પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરશે અને સિંગાપોરના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે પણ મુલાકાત કરશે.

## HOME MINISTRY- TRIPURA

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં આવતીકાલે નવી દિલ્હીમાં કેન્દ્ર અને ત્રિપુરા સરકાર, નેશનલ લિબરેશન ફ્રન્ટ ઑફ ત્રિપુરા-NLFT અને ઑલ ત્રિપુરા ટાઈગર ફોર્સ, ATTFના પ્રતિનિધિઓ વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. આ હસ્તાક્ષર દરમિયાન ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા અને ગૃહ મંત્રાલય અને ત્રિપુરા સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેશે.

પૂર્વોત્તરમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે કેન્દ્રએ 12 મહત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આમાંથી ત્રણ કરાર ત્રિપુરા સાથે સંબંધિત છે. નરેન્દ્ર મોદી સરકાર

દ્વારા અનેક કરારો પર હસ્તાક્ષર કરવાને કારણે લગભગ 10 હજાર લોકોએ શસ્ત્રો છોડી દીધા છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.

## DAC-DEFENCE

સરકારે દેશને સંરક્ષણ ક્ષેત્રે વધુ મજબૂત બનાવવા માટે એક લાખ 45 હજાર કરોડ રૂપિયાનાં સંરક્ષણ સાધનોની ખરીદી માટે સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનાં અધ્યક્ષપદે મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં 10 દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી. કાઉન્સિલે ફ્યુચર રેડી કોમ્બેટ વ્હિકલ્સ, એર ડિફેન્સ ફાયર કન્ટ્રોલ રડાર, મેઇન બેટલ ટેન્ક, ડોર્નિયર-228 એરક્રાફ્ટ, નેક્સ્ટ જનરેશન ફાસ્ટ પેટ્રોલ અને ઓફશોર પેટ્રોલ જહાજોની ખરીદીને મંજૂરી આપી છે.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે, આ સાધનોનાં કુલ મૂલ્યમાં 99 ટકા ખરીદી સ્વદેશી કંપનીઓ પાસેથી કરવામાં આવશે.

## PRESIDENT MAHARASHTRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મએ તેમનાં ત્રણ દિવસનાં મહારાષ્ટ્ર પ્રવાસનાં બીજા દિવસે આજે મહારાષ્ટ્ર વિધાનપરિષદનાં શતાબ્દિ વર્ષ નિમિત્તે મુંબઇમાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી હતી.

રાષ્ટ્રપતિએ આ અગાઉ મુંબઇમાં ચૈત્ય ભૂમિ ખાતે બાબાસાહેબ ડોક્ટર બી આર આંબેડકરને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા અને જણાવ્યું હતું કે, ભારતીય બંધારણનાં ઘડવૈયાના મૂલ્યો અને આદર્શો આપણા રાષ્ટ્રનું માર્ગદર્શન કરતા રહેશે.

અગાઉ સુશ્રી મુર્મુએ પૂણેમાં સિમ્બાયોસિસ યુનિવર્સિટીના 21મા પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, તમામ શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થિનીઓ માટે સલામત વાતાવરણ સુનિશ્ચિત કરવું જોઇએ.

આવતી કાલે રાષ્ટ્રપતિ લાતુરમાં ઉદગીર ખાતે બુધ્ધ વિહારનું ઉદઘાટન કરશે.

## WORLD BANK- GDP FORECAST

વિશ્વ બેન્કે નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતની વૃધ્ધિનો અંદાજ અગાઉનાં 6.6 ટકાથી વધારીને સાત ટકા કર્યો છે. વિશ્વ બેન્કે જણાવ્યું છે કે ખાનગી વપરાશ અને રોકાણ જેવાં મહત્વનાં પરિબળોને કારણે દેશની આર્થિક વૃધ્ધિ મધ્યમગાળામાં મજબૂત રહેશે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ-આઇએમએફે પણ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતની જીડીપીની વૃધ્ધિનો અંદાજ 20 બેસિસ પોઇન્ટ વધારીને સાત ટકા કર્યો હતો.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના ડેટા પ્રમાણે નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટેનો વૃધ્ધિનો અંદાજ 6.7 ટકા રાખવામાં આવ્યો હતો, તેનું મુખ્ય કારણ એ હતું કે 2024ની લોકસભા ચૂંટણીને કારણે આચારસંહિતા લાગુ પડવાથી સરકારી ખર્ચમાં ઘટાડો થયો હતો.

## J&K: JKPCC

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતી કાલે રામબન અને અનંતનાગ જિલ્લામાં પોતાનાં પક્ષનાં ઉમેદવારોનાં સમર્થનમાં જાહેર સભાઓ સંબોધીને જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર શરૂ કરશે. 18 સપ્ટેમ્બરે પ્રથમ તબક્કાની ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવારોનાં પ્રચાર માટે આ સભાઓ યોજવામાં આવી છે. શ્રી ગાંધી આવતી કાલે સવારે દિલ્હીથી જમ્મુ આવશે. તેઓ રામબન જિલ્લાના ગુલ વિસ્તારમાં સભા સંબોધશે અને JKPCC ના ભૂતપુર્વ વડા વિકાર રસુલ વાની માટે પ્રચાર કરશે. આ ઉપરાંત તેઓ અનંતનાગ જિલ્લાના દોરુ

વિસ્તારમાં બીજી સભા સંબોધશે અને કોંગ્રેસના મહામંત્રી ગુલામ અહેમદ મીરનો પ્રચાર કરશે.

રાજ્યની વિધાનસભા ચૂંટણીનાં સ્ટાર પ્રચારકોમાં રાહુલ ગાંધી ઉપરાંત મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## PMAY

શ્રમ અને રોજગાર મંત્રાલયે વંચિત શ્રમિકોને પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભો પૂરા પાડવા હિલચાલ શરૂ કરી છે. મંત્રાલયે તમામ રાજ્ય સરકારોને પત્ર લખીને પરપ્રાંતિયો, બાંધકામ ક્ષેત્ર, બીડી શ્રમિકો, સિનેમા ક્ષેત્રનાં કર્મચારીઓ, કોલસા સિવાયની ખાણોનાં શ્રમિકો, કોન્ટ્રાક્ટ પર કામ કરતા અને અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોને પણ આવાસ યોજનામાં સમાવવા વિનંતી કરી છે.

માન્ય લાભાર્થીઓને  બે કરોડ વધારાના મકાનો પૂરાં પાડવાના હેતુથી વધુ પાંચ વર્ષ માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો અમલ લંબાવવાની કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરીને પગલે આ નિર્ણય લેવાયો છે.

મંત્રાલયે જણાવ્યું છે કે આ શ્રમિકો સમાજનાં વંચિત વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.

## REV WB-CRIMINAL LAWS AMENDMENT BILL

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ આજે ધ્વનિ મતથી અપરાજિતા મહિલા અને બાળ સુરક્ષા બિલ, 2024 પસાર કર્યું હતું. આ ખરડો હવે રાજ્યના રાજ્યપાલ દ્વારા

પસાર કરવો જરૂરી છે અને ત્યારબાદ તેને ભારતના રાષ્ટ્રપતિને મોકલવામાં આવશે. આ બિલ રાજ્ય સંચાલિત આરજી કર હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના પગલે રજૂ કરવામાં આવ્યું હતું. ઓગસ્ટમાં આર જી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા તબીબ પર દુષ્કર્મ અને ત્યારબાદ તેની હત્યાના બનાવને કારણે સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન થયું હતું..

ગૃહમાં ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે બિલમાં ફાંસીની સજાની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે બળાત્કાર અને જાતીય સતામણીના ગુના માટે બિલમાં સખત સજાની જોગવાઈ કરવામાં આવી છે.

## CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢમાં આજે સલામતી દળો સાથેની અથડામણમાં નવ માઓવાદીનાં મૃત્યુ થયા છે. બસ્તર ડિવિઝનના દંતેવાડા અને બિજાપુર જિલ્લાનાં સરહદી વિસ્તારમાં આ અથડામણ થઈ હતી. સલામતી દળોને આ વિસ્તારમાં મોટી સંખ્યામાં માઓવાદી છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ કેન્દ્રીય અનામત પોલિસ દળ- CRPF અને જિલ્લા અનામત રક્ષક- DRGની સંયુક્ત ટૂકડીને આ વિસ્તારમાં શોધ અભિયાન માટે મોકલવામાં આવી હતી. આ દરમિયાન, બૈલાડીલા પર્વત પાસે સલામતી દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થતાં નવ માઓવાદીનાં મૃત્યુ થયા હતા.

ઘટના સ્થળેથી સેલ્ફ-લોડિંગ રાઇફલ ઉપરાંત બે અન્ય રાઇફલ મળી આવી હતી.

## GADKARI TUNNEL

માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રી નિતીન ગડકરીએ જણાવ્યું છે કે, નાગરિકોની સલામતી સૌથી મહત્વની છે. આજે નવી દિલ્હીમાં ટનલિંગ ઇન્ડિયાની

બીજી આવૃત્તિને સંબોધતા શ્રી ગડકરીએ વરસાદ, ભુસ્ખલન અને પૂર સામે રસ્તાઓનાં કિફાયતી અને કાયમી ઉકેલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શ્રી ગડકરીએ જણાવ્યું કે, સરકાર ભારતને પાંચ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનાવવાની દિશામાં કામ કરી રહી છે. તેમણે રોડ પ્રોજેક્ટ્સમાં અસરકારક ટેકનોલોજી, આર્થિક ટકાઉક્ષમતા, કાચા માલની ઉપલબ્ધતા અને અંતિમ ચીજોનાં માર્કેટિંગ પર ભાર મૂક્યો હતો.

બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન-બીઆરઓના ડિરેક્ટર જનરલ લેફ્ટનન્ટ જનરલ રઘુ શ્રીનિવાસને જણાવ્યું કે, ભારતમાં ટનલિંગ માટેની અમર્યાદ તકો છે.

## PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં આજે છઠ્ઠા દિવસે ભારતીય ટીમ નિશાનેબાજી, તીરંદાજી અને એથ્લેટિક્સ સહિતની વિવિધ સ્પર્ધામાં મેડલ જીતવા મેદાને ઉતરશે. તીરંદાજીમાં પૂજા મહિલાઓની વ્યક્તિગત રિકર્વ ઓપન ક્વાર્ટરફાઇનલ્સમાં ભાગ લેશે.

આ ઉપરાંત, દિપ્તી જીવનજી મહિલાઓની 400 મીટર ટી-20 ફાઇનલમાં અને મેરિયપ્પન થંગાવેલુ, શરદ કુમાર અને શૈલેષ કુમાર પુરુષોના ઊંચા કૂદકાની ટી-63 ફાઇનલમાં રમશે.

ભારત હાલ ત્રણ સુવર્ણચંદ્રક સહિત 15 ચંદ્રકો સાથે આ સ્પર્ધામાં 15મા ક્રમે છે.

દરમિયાન, રિલાયન્સ ફાઉન્ડેશનના સંસ્થાપક અધ્યક્ષ નીતા અંબાણીએ પેરિસ પેરાલિમ્પિક્સમાં ચંદ્રક વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મિડિયામાં આપેલા એક નિવેદનમાં તેમણે જણાવ્યું છે કે પેરિસ પેરાલિમ્પિક્સ ગેમ્સમાં ભારતીય રમતવીરોએ તેમનાં પ્રદર્શન દ્વારા દેશને ગૌરવ અપાવ્યું છે.

## TTOS-AFRICA TOURISM

દક્ષિણ આફ્રિકાએ ભારત અને ચીનનાં પ્રવાસીઓને આકર્ષવા માટે ‘ટ્રસ્ટેડ ટુર ઓપરેટર સ્કીમ’-**TTOS**ની જાહેરાત કરી છે. દક્ષિણ આફ્રિકનાં ગૃહ વિભાગે જણાવ્યું કે આ સ્કીમ જાન્યુઆરી, 2025થી શરૂ થશે. સ્કીમનો હેતુ વિઝા સિસ્ટમ સુધારવાનો છે. આ સ્કીમ અંતર્ગત દક્ષિણ આફ્રિકાને ભારત અને ચીન જેવા મોટા અર્થતંત્રો માટે પસંદગીનું પર્યટન સ્થળ બનાવવા આડેના અવરોધ દૂર કરવામાં આવશે. સરકારનાં જણાવ્યા પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં આવતા કુલ આંતરરાષ્ટ્રીય પર્યટકોમાં ભારતીયોનો હિસ્સો માત્ર ચાર ટકા જ છે.